# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-08-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

***************************************************

1) નવી દિલ્હીમાં વાયબ્રન્ટ ગુજરાત સંમેલન 2027ના ઉપલક્ષ્યમાં પ્રારંભિક કાર્યક્રમ યોજાયો.

2) તહેવારો દરમિયાન અંત્યોદય અને BPL કાર્ડધારકોને ખાંડનો પૂરતો જથ્થો મળી રહે તેવું સરકારનું આયોજન.

3) વડોદરાના ભાયલીમાં વર્ષ 2024માં સગીરા સાથે થયેલા સામૂહિક દુષ્કર્મ કેસમાં પાંચેય આરોપીને છેલ્લા શ્વાસ સુધીની સજા- પૉક્સો અદાલતનો ચુકાદો.

4) શ્રાવણ માસના ત્રીજા સોમવારે શિવમંદિરોમાં ભક્તિમય ઉજવણી.

5) ગાંધીનગરમાં યોજાયેલી રાજ્યકક્ષાની ફૂટબૉલ સ્પર્ધામાં વડોદરા , અમદાવાદ, રાજકોટ અને ગાંધીનગર જિલ્લાની ટીમ સેમિ-ફાઈનલમાં.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# EVE VGGS CURTAIN RAISER EVENT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલા સપ્તધારાનો સંકલ્પ સાકાર કરવા ગુજરાત મજબૂતીથી પોતાની ભૂમિકા નિભાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન 2027ની પૂર્વભૂમિકા બાંધતા પ્રારંભિક કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે કહ્યું , વાયબ્રન્ટ ગુજરાત સંમેલન સપ્તધારાના દરેક સંકલ્પને નવી ગતિ આપશે. તેમણે આ સંમેલનને વૈશ્વિક રોકાણકારોના ગુજરાત પરના વિશ્વાસના પ્રતિક અને જ્ઞાનની આપ-લે માટેનું મંચ ગણાવ્યું. શ્રી પટેલે કહ્યું , પરંપરાગત ઉદ્યોગોમાં પોતાની તાકાત સાબિત કરનારા ગુજરાતે ભવિષ્યના ઉદ્યોગમાં નેતૃત્વ કરવા કમર કસી છે. આ સાથે જ તેમણે રોકાણકારો અને ઉદ્યોગકારોને ગુજરાતમાં રોકાણ કરવા નિમંત્રણ આપ્યું.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

*(“सप्तधारा की हर धारा में गुजरात अपनी भूमिका निभाने के लिए तैयार है और आज मैं आज इस मंच से कहना चाहता हूँ कि प्रधानमंत्री जी के सप्तधारा संकल्प को हम वाइब्रेंट गुजरात के माध्यम से गति देंगे। आज मैं देश और दुनिया के एंटरप्रेन्योर्स, इन्वेस्टर्स और बिजनेस लीडर्स को गुजरात आने का निमंत्रण देता हूँ। आइए, गुजरात की विकास यात्रा में सहभागी बनिए।”)*

આ પ્રસંગે કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું , ગુજરાતે સ્થિર સરકાર , સતત પ્રગતિ અને ઉદ્યોગલક્ષી નીતિઓના માધ્યમથી રોકાણ માટે વિશ્વસનીય વાતાવરણ ઉભું કર્યું છે. જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ગુજરાતમાં રોકાણ કરેલો એક-એક રૂપિયો સુરક્ષિત અને યોગ્ય વળતરની બાંહેધરી છે.

# GUTKHA AND PAN MASALA BAN

રાજ્યમાં તમાકું અને નિકોટિન ધરાવતા ગુટખાં અને પાન મસાલાના ઉત્પાદન , સંગ્રહ, વિતરણ અને વેપાર પર લગાવેલા પ્રતિબંધને આગામી એક વર્ષ સુધી લંબાવાયો છે, જેનો અમલ આગામી 13 સપ્ટેમ્બરથી શરૂ થશે. આ પ્રતિબંધ કોઈ પણ નામે ઓળખાતા તમાકું કે નિકોટિન-યુક્ત ગુટખાં અને પાન મસાલા પર લાગુ પડશે. ઉપરાંત, અલગ-અલગ વેચાતા એવા ઘટકો કે , જેના મિશ્રણથી અંતિમ ઉત્પાદન તરીકે ગુટખાં કે પાન મસાલા તૈયાર થતા હોય , તેના પર પણ પ્રતિબંધ રહેશે. આ આદેશનો ભંગ કરનારાઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરાશે , તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# VDR BHAYALI CASE VERDICT

વડોદરાના ભાયલીમાં વર્ષ 2024માં સગીરા સાથે થયેલાં સામૂહિક દુષ્કર્મ કેસમાં અદાલતે આરોપીઓને આજીવન કેસની સજા સંભળાવી. મળતી માહિતી મુજબ , જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ અધિનિયમ – પૉક્સો અદાલતે પાંચેય આરોપીને છેલ્લા શ્વાસ સુધી જેલમાં બંધ રાખવાની સજા તેમજ તમામને 50 –50 હજાર રૂપિયાનો દંડ કર્યો છે. જ્યારે પીડિતાને 10 લાખ રૂપિયાની સહાય કરવાનો આદેશ આપ્યો છે.

સરકારી વકીલ નયન સુખડવાલાએ કહ્યું હતું કે , આ કેસમાં ફરિયાદ પક્ષ તરફથી સાંયોગિક પૂરાવાની દરેકે દરેક કડી અદાલત સમક્ષ પૂરવાર કરવામાં આવી હતી. બનાવ સમયે પીડિતાનો મૉબાઈલ લઈ લેવાયો હોવાથી લૂંટનો દાવો પણ અદાલતે ગ્રાહ્ય રાખ્યો હતો.

# SUGAR DISTRIBUTION

રાજ્યમાં તહેવારો દરમિયાન અંત્યોદય અને ગરીબી રેખા નીચે – BPL કાર્ડધારકોને ખાંડનો પૂરતો જથ્થો સરળતાથી મળી રહે તેવું આયોજન કરાયું. અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી રમણ સોલંકીએ કહ્યું , જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વાજબી ભાવના દુકાનદારો માટે સપ્ટેમ્બર મહિનાના ખાંડ સહિતની અન્ય જણસીઓના ચલણ ભરવાની છેલ્લી તારીખ ત્રણ સપ્ટેમ્બર કરવામાં આવી છે.

ખાંડ વિતરણના નિયમો અને રાહત દર રાજ્યમાં અંત્યોદય તથા BLP શ્રેણીના રાશનકાર્ડ-ધારકોને પરિવારના સભ્યોની સંખ્યા મુજબ ખાંડનું વિતરણ કરાય છે , જેમાં અંત્યોદય કાર્ડધારકો માટે 15 રૂપિયા પ્રતિકિલો અને BPL કાર્ડધારકો માટે 22 રૂપિયા પ્રતિકિલોના દરે વિતરણ કરાય છે. આગામી તહેવારોને ધ્યાને રાખી અત્યાર સુધીમાં સાત 700 મેટ્રિક ટન ખાંડનો જથ્થાનું લાભાર્થીઓને વિતરણ કરાયું.

# CHT AUDITORIUM HALL

છોટા ઉદેપુરમાં પાંચ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર કરાયેલા આધુનિક સભાગૃહનું લોકાર્પણ કરાયું. નગરપાલિકા વિસ્તારમાં તૈયાર થયેલું આ સભાગૃહથી લોકોને લાભ થશે તેમ લોકસભા સાંસદ જશુ રાઠવાએ જણાવ્યું.

## (BYTE: JASHU RATHWA, LOKSABHA MP, CHHOTA UDEPUR)

(*"આજે છોટાઉદેપુર નગર અને છોટાઉદેપુર જિલ્લા માટે એક ભવ્યાતિભવ્ય 5 કરોડ અને 32 લાખના ખર્ચે બનેલ ઓડિટોરિયમ છે એનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ ઓડિટોરિયમ દ્વારા અનેક અનેક પ્રકારના કાર્યક્રમો થશે. આ ઓડિટોરિયમ બન્યું જેનાથી જિલ્લાની અંદર એક આ ઐતિહાસિક ઇમારત પણ ઊભી થઈ અને આ ઇમારતથી નગરજનો અને જિલ્લાવાસીઓને ખૂબ ફાયદો થવાનો છે.")*

# RAJYAPAL NAVAGAM VISIT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અમદાવા  દના માંડલ તાલુકાના નવાગામની ઓચિંતી મુલાકાત લઈ ગ્રામજનો સાથે સંવાદ કર્યો. દરમિયાન તેમણે ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી, ગ્રામીણ જીવનશૈલી અને આરોગ્ય સંબંધિત અનેક મહત્વની બાબતો અંગે માર્ગદર્શન આપ્યું.

રાજ્યપાલશ્રીએ કહ્યું, રાજ્ય સરકાર દ્વારા તમામ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે નિષ્ણાતોના માધ્યમથી ગામડે-ગામડે વિનામૂલ્યે તાલીમ અપાઈ રહી છે. નવાગામમાં જોવા મળેલી ઉત્તમ સ્વચ્છતા બદલ રાજ્યપાલશ્રીએ સરપંચ અને ગ્રામજનોને અભિનંદન પણ પાઠવ્યા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# EVE SHRAVAN TRIJO SOMVAR

ભક્તિ, શ્રદ્ધા અને આસ્થાના ત્રિવેણી સંગમ સમાન પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે શિવમંદિરોમાં ભવ્ય માહોલ જોવા મળી રહ્યો છે. પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરમાં આજે એક લાખથી વધુ યાત્રિકોએ દર્શન કર્યા. સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં 75 ધ્વજાપૂજા , 65 સોમેશ્વર મહાપૂજા , 572 રુદ્રાભિષેક અને 14 પાઠાત્મક લઘુરુદ્ર સહિત ધાર્મિક અનુષ્ઠાન યોજાયા. તેમજ મહામૃત્યુંજય યજ્ઞમાં 44 હજારથી વધુ આહૂતિ અર્પણ કરવામાં આવી. તો જુનાગઢના ભવનાથ મંદિરે ભભૂતિનાથ દર્શન, દીપમાળા અને મહાઆરતી વચ્ચે શ્રાવણના સોમવારની ઉજવણી કરવામાં આવી. તેમજ બોળચોથ નિમિત્તે મહિલાઓએ ગાય માતાની પૂજા કરી.

## (VOICECAST: SANJIV MEHTA)

*“ગુજરાતમાં ભરાતા વિવિધ મેળામાં ધર્મમેળાનું સન્માન પ્રાપ્ત કરનાર મહાશિવરાત્રીનો મેળો જેના સાનિધ્યમાં ભરાય છે તે ભોળાનાથ ભવનાથ દાદાને આજે શ્રાવણ માસના ત્રીજા સોમવારે દિવ્ય ભભૂતીનાથનું શણગાર કરવામાં આવ્યો હતો. વહેલી સવારથી ભવનાથ મંદિરે જુનાગઢ ઉપરાંત બહારથી આવેલા શિવભક્તોએ પણ શીશ નમાવ્યું હતું. ગિરનારના અધિષ્ઠાતા દેવ તરીકે પૂજાતા આ ભવનાથ મંદિરે આજે ભભૂતીનાથ નિમિત્તે એક ભવ્ય અલૌકિક દર્શન , દીપમાળા, શણગાર અને મહાઆરતીના કાર્યક્રમો યોજાયા હતા. સંજીવ મહેતા, જૂનાગઢ”)*

ડાંગમાં પણ આહવા , સાપુતારા અને વઘઈના શિવમંદિરોમાં ભક્તોએ પૂજન-અર્ચન અને જળાભિષેક કર્યો. આહવાના દંડકેશ્વર મહાદેવ મંદિરમાં બિરાજમાન શ્વેત રંગના પ્રાચીન શિવલિંગના પણ મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન કર્યા.

મહેસાણામાં વડનગરના પ્રસિદ્ધ હાટકેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં યોજાયેલી એકથી ચાર ઝૉનના 108 જેટલા ઋષિકુમારો ની મૃત્યુંજય જાપની સેમિફાઈનલ સ્પર્ધા દરમિયાન સમગ્ર મંદિર પરિસર શિવમય બન્યું હતું.

તો, વડોદરામાં કરજણના કોઠિયા ગામમાં નર્મદા નદી કિનારે મિની સોમનાથ તરીકે પ્રખ્યાત સોમેશ્વર મહાદેવ મંદિર ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે. અહીં નર્મદા નદી અર્ધચંદ્રાકાર આકારમાં વહેતી હોવાથી સોમેશ્વર મહાદેવને ચંદ્રમૌલી તીર્થ તરીકે ઓળખાય છે.

# DWARKA TEMPLE TIME CHANGE

**દેવભૂમિદ્વારકાના દ્વારકાધીશ મંદિરમાં જન્માષ્ટમી પર્વને લઈ દર્શનના સમયમાં ફેરફાર કરાયો. અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે , મંદિરમાં આગામી ચાર સપ્ટેમ્બરે શ્રાવણ વદ આઠમના દિવસે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે. તે દિવસે સવારે છ-થી આઠ વાગ્યા સુધી મંગળાદર્શન, સવારે આઠથી નવ વાગ્યા સુધી શ્રીજીના ખૂલ્લા પડદે સ્નાનના દર્શન થઈ શકશે. જ્યારે નવથી પોણા 10 વાગ્યા સુધી ભીતર પૂજા થશે અને દર્શન બંધ રહેશે.**

**જ્યારે પોણા 10 વાગ્યાથી 10 વાગ્યે દર્શન કરી શકાશે. ત્યારબાદ 10થી સવા 10 વાગ્યા સુધી દર્શન બંધ રહેશે. ત્યારબાદ પોણા 11 વાગ્યા સુધી દર્શન કરી શકાશે. દિવસભર ભગવાન દ્વારકાધીશને રાજભોગ ધરાવાશે તેમજ શ્રૃંગાર કરાશે. જ્યારે મધરાત્રે 12 વાગ્યાથી શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી શરૂ થશે. ભક્તો રાત્રે અઢી વાગ્યા સુધી જન્મોત્સવ દર્શન કરી શકશે.**

# GNR POSTAL MAHAMELO

ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે ગાંધીનગરમાં "ટપાલ વ્યવસાય વિકાસ અને નાણાકીય સમાવેશ " મહામેળાનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું , ગાંધીનગરમાં નાણાકીય સમાવેશ અંતર્ગત અત્યાર સુધીમાં 403થી વધુ ગામને 'સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ ગ્રામ ', 133થી વધુ ગામને 'સંપૂર્ણ બચત ગ્રામ' તથા 130થી વધુ ગામને 'સંપૂર્ણ વીમા ગ્રામ' તરીકે જાહેર કરાયા છે.

શ્રી યાદવે કહ્યું , ટપાલ વિભાગે નાણાકીય સમાવેશને વધુ વ્યાપક બનાવવા, ડિજિટલ કનેક્ટિવિટીમાં સતત સુધારો કરવા , ગ્રામ્ય લૉજિસ્ટિક્સ માલસામાન કે સેવાઓને યોગ્ય અને સુરક્ષિત રીતે પહોંચાડવાની વ્યવસ્થાપન પ્રક્રિયાનો વિસ્તાર કરવા તેમજ નાગરિકોની ભાગીદારીને સશક્ત બનાવતી વિવિધ પહેલ દ્વારા દેશના અંતિમ છેડા સુધીના ડિલિવરી નેટવર્કને વધુ મજબૂત બનાવ્યું છે.

# WEATHER

રાજ્યમાં વરસાદનું જોર ઘટવાની વચ્ચે આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. વરસાદ ખેંચતી રેખાની પ્રણાલી સક્રિય થતા વરસાદ થઈ શકે છે. બીજી તરફ રાજ્યમાં સામાન્ય કરતા ઓછો વરસાદ નોંધાયો હોવાનું હવામાન વિભાગ અમદાવાદના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

**(BYTE - RAMASHRAY YADAV, SCIENTIST, METEOROLOGICAL DEPARTMENT)**

*("જો આપણે આગામી સાત દિવસ માટે ગુજરાત રાજ્યની આગાહીને ધ્યાનમાં લઈએ , તો રાજ્યના તમામ જિલ્લાઓ આવરી લેવામાં આવ્યા છે, જ્યાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ચોમાસાના વરસાદની વાત કરીએ તો , સમગ્ર ગુજરાતમાં ૫૧૩ મીમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય રીતે ૫૮૬ મીમી હોવો જોઈએ".* )

# GNR STATE FOOTBALL UPDATE

ગાંધીનગરમાં આયોજિત સબ-જૂનિયર બોય્ઝ ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબૉલ સ્પર્ધામાં વડોદરા, અમદાવાદ, રાજકોટ અને ગાંધીનગર જિલ્લાની ટીમ સેમિ-ફાઈનલ માં પહોંચી. ગુજરાત રાજ્ય ફૂટબૉલ સંગઠન દ્વારા યોજાયેલી સ્પર્ધામાં આજે ક્વાર્ટર ફાઈનલની પહેલી મેચમાં વડોદરાની ટીમે યુગ પગીના છ , આર્યવંશ ત્રિપાઠીના ત્રણ અને મિતાંશ પટેલના બે ગૉલની મદદથી કચ્છની ટીમને 11-1થી પરાજય આપ્યો.

જ્યારે બીજી મેચમાં અમદાવાદની ટીમે સંજય શશાંક અને માનવ પટેલના ત્રણ-ત્રણ, અવિજિત ગિરિના એક ગૉલની મદદથી ભાવનગરની ટીમને સાત-એકથી હરાવી. જ્યારે ત્રીજી મેચમાં રાજકોટની ટીમે જિનય મહેતાના ત્રણ અને હેનિલ કનેરિયાના બે ગૉલની મદદથી વલસાડની ટીમને પાંચ શૂન્યથી મ્હાત આપી. તો ચોથી મેચમાં ગાંધીનગરની ટીમે સુરતને 9-3થી હરાવી સેમિ-ફાઈનલમાં પ્રવેશ કર્યો.

હવે આવતીકાલે વડોદરા અને અમદાવાદ વચ્ચે સેમિફાઈનલની પ્રથમ તથા રાજકોટ અને ગાંધીનગર વચ્ચે બીજી મેચ રમાશે. જ્યારે ફાઈનલ મુકાબલો આગામી બીજી સપ્ટેમ્બરે થશે.